# ગાંધીનગરમાં નવા ટ્રી-ગાર્ડની તાતી જરૂરીયાત

## છેલ્લા બે વર્ષથી શહેરમાં નવા ટ્રી ગાર્ડ નાંખવામાં ન આવતા નવા ઉછેરેલા વૃક્ષોનુ બાળમરણ : નવા ટ્રી ગાર્ડથી વૃક્ષોને રક્ષણ આપી શહેરને વધુ હરિયાળુ બનાવવાની જરૂરીયાત



ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરને વધુ હરિયાળુ બનાવવા દર વર્ષે નવા છોડ ઉછેરવામાં આવે છે. પરંતુ નવા ટ્રી ગાર્ડની અછત હોવાથી નવા ઉછરેલા છોડનું બાળમરણ થઈ રહ્યુ છે. છેલ્લા બે વર્ષથી શહેરમાં નવા ટ્રી ગાર્ડ લગાવવામાં આવ્યા ન હોવાથી નવા છોડ ઉછેરવાની કામગીરી ધીમી પડી છે.

ગાંધીનગરની ઓળખ હરિયાળા શહેર તરીકેની છે. વિકાસ માટે હરિયાળા વૃક્ષોનુ નિકંદન નીકળે છે સાથે જ દર વર્ષે ચોમાસા દરમ્યાન નવા છોડ ઉછેરવામાં આવે છે. નવા છોડને ટ્રી ગાર્ડથી રક્ષણ આપીને તેને મોટુ કરવામાં આવે છે. જો કે શહેરમાં છેલ્લા બે વર્ષથી નવા ટ્રી ગાર્ડની અછત વર્તાઈ રહી છે. જેના કારણે નવા છોડ ઉછેરની કામગીરી મંદ પડી છે. ચોમાસા દરમ્યાન જે છોડ ઉછેરવામાં આવ્યા હતા તેની ફરતે જૂના ટ્રી ગાર્ડ લગાવાયા હતા. જૂના ટ્રી ગાર્ડ ઝડપથી તુટી જતાં હોવાથી નવા ઉછરેલા છોડને પશુઓ નુકશાન પહોંચાડે છે.

લગભગ અડધાથી વધુ નવા છોડ આ રીતે નાશ પામી રહ્યા છે અને છોડવાઓ ઉછેરવાનો ખર્ચ માથે પડે છે.

દર વર્ષે વન વિભાગ અને મનપા દ્વારા ટ્રી ગાર્ડ ખરીદીને નવા છોડની ફરતે લગાવવામાં આવે છે.

પરંતુ છેલ્લા બે વર્ષથી આ કામગીરી કોઈ કારણસર થઈ નથી. જેના કારણે શહેરને વધુ હરીયાળુ બનાવવાની કામગીરી ધીમી પડી ગઈ છે.

# સાયન્સ સીટી ખાતે નોબેલ સેરેમનીનું લાઈવ સ્ટ્રિમિંગ

## રિજિયોનલ સાયન્સ સેન્ટર્સ પાટણ, ભાવનગર અને રાજકોટ ખાતે પણ લાઈવ સ્ટ્રીમિંગ યોજાયાં



ગાંધીનગર, તા. ૧૧

નોબલ પ્રાઈઝ મેળવનાર વ્યક્તિ ક્ષણભરમાં જ વિશ્વમાં પ્રસિદ્ધ થઈ જાય છે. યુવાપેઢીમાં અને ખાસ કરીને વિધાર્થીઓમાં નોબલ પ્રાઈઝ વિષે જાગૃતિ ફેલાવવા માટે ગુજરાતના રાજયના ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ અને ટેકનોલોજી અંતર્ગત કાર્યરત ગુજકોસ્ટ સાયન્સ સિટી દ્વારા એક વિશેષ આઉટરીચ કાર્યક્રમનું આયોજન સાયન્સ સિટી તથા દરેક રિજિયોનલ સાયન્સ સેન્ટર ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભૌતિકશાસ્ત્ર, ફિઝિયોલોજી/મેડિસિન તથા રસાયણશાસ્ત્રના તજજ્ઞો દ્વારા સરળ ભાષામાં આ વર્ષના નોબેલ પુરસ્કારનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું, સાથોસાથ સ્વીડનના સ્ટોકહોમ ખાતે યોજાનાર પુરસ્કાર સમારોહનું લાઈવ સ્ટ્રિમિંગ પણ કરવામાં આવ્યું હતું.

સાયન્સ સિટી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સરદાર પટેલ યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્રના નિવૃત્ત પ્રોફેસર ડો.કે.એન. જોશીપુરાએ ભૌતિકશાસ્ત્રના નોબેલ પુરસ્કાર વિશે સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના રસાયણશાસ્ત્રના પ્રોફેસર ડૉ. માનસીંઘે નોબેલ પુરસ્કાર વિશે વાત કરી હતી. આઈઆઈટી-ગાંધીનગરના પ્રોફેસર ડો.ઉમાશંકર સિંહે દવાના ક્ષેત્રમાં નોબેલ પુરસ્કાર અંગે પ્રકાશ પાડ્યો હતો. રિજિયોનલ સાયન્સ સેન્ટર્સ પાટણ, ભાવનગર અને રાજકોટ ખાતે પણ લાઈવ સ્ટ્રીમિંગ યોજાયાં હતા જેમાં વિવિધ નિષ્ણાતોએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતુ

જ્યારે ભુજના રીજનલ સાયન્સ સેન્ટર ખાતે સાયન્સના વિષયો પર એક્સપર્ટ ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું.

# 'પાટા પલટન' વડનગરના પ્રવાસે

## સબટાઈટલ : સાહિત્ય અને સરકારના ઉદ્દેશ્યનો અનોખો સંગમ



ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના જાણીતા પ્રકૃતિપ્રેમી, વાર્તાકાર અને યુવાનોમાં સાહિત્યની જ્યોત જલતી રહે તે માટે સતત પ્રયત્નશીલ ધર્મેન્દ્ર ત્રિવેદી અને ઊડ્ડયન ઈ-મેગેઝીન શરૂ કરનાર ધ્રુવ પ્રજાપતિએ તાજેતરમાં જ ગાંધીનગર ખાતે યુવાનોમાં ગુજરાતી ગદ્ય સાહિત્યના નિબંધ અને ટૂંકીવાર્તાની સમજ અને સજ્જતા વિકસાવવાના હેતુથી 'પાટા પલટન' નામના એક નવતર પ્રયોગને અમલમાં મૂકવાનો પ્રયાસ કર્યો છે. તાજેતરમાં વિધાનસભા ખાતે યોજાયેલી એક મિટિંગમાં થયેલા નિર્ણય મુજબ ગાંધીનગરના નવનિર્મિત રેલવેસ્ટેશનના સાંનિધ્યમાં દર મહિનાના ત્રીજા શનિવારે ગુજરાતી સાહિત્યની એક બે શ્રેષ્ઠ નિબંધ કૃતિઓનું વાંચન અને તેના પર મંથન અને ચર્ચાઓ કરવામાં આવશે.

પાટા પલટન અંતર્ગત પ્રથમ કાર્યક્રમમાં પલટનના બાર જેટલા સભ્યોએ તારીખ ૧૦ ડીસેમ્બર ૨૦૨૨ ના રોજ ગાંધીનગર રેલવે સ્ટેશનેથી સવારે અગિયાર વાગે ઊપડતી વલસાડ – વડનગર એક્સપ્રેસ ટ્રેનમાં વડનગર જવાનું નક્કી કર્યું હતું. સાહિત્યની ચર્ચા માટે આ પાટા પલટનનો વિચાર જેમના સાહિત્યમાંથી જન્મ્યો હતો તેવા સ્વ. શ્રી જનક ત્રિવેદીના રેલવેનો માહોલ ઉપસાવતા "આવાજોની બંદીશો" નામના જાણીતા લલિત નિબંધનું ભાવનગરના જાણીતા નિબંધકાર શ્રી મહેન્દ્રસિંહ પરમારના અવાજમાં થયેલું રેકોર્ડીંગ સાંભળવાનું હતું અને તેના પર ચર્ચાઓ કરવાનું નક્કી થયેલું. ગાંધીનગરના જાણીતા સાહિત્યકાર અને રીટાયર્ડ એડિશનલ કલેકટર શ્રી રમેશભાઈ ઠક્કર જેઓ હાલ ગુજરાત ટુરિઝમ કોર્પોરેશનમાં વડનગરના વિકાસ માટે ઓફીસર ઓન સ્પેશ્યલ ડયુટી છે, તેમને જાણ થતાં તેમણે સામેથી આ કાર્યક્રમની યજમાનગતી ગુજરાત ટુરીઝમ કરે તો સરકાર અને સાહિત્યનો સંગમ થશે એવો પ્રસ્તાવ કરેલો. પાટા પલટને આ પ્રસ્તાવ સહર્ષ સ્વીકારી લીધો હતો.

ગત તારીખ ૧૦ મી ડીસેમ્બર ૨૦૨૨ ના રોજ પાટા પલટન કાર્યક્રમમાં શ્રી ધર્મેન્દ્ર ત્રિવેદી, ધ્રુવ પ્રજાપતિ, કેશોદથી સાહિત્ય મર્મજ્ઞ અને પ્રકૃતિવિદ શ્રી રેવતુભા રાયજાદા, શ્રી નિરજભાઈ ગામિત, શ્રી કીર્તિ ચૌહાણ, શ્રી ગોપાલભાઈ યાદવ, શ્રી મૃગેન્દ્ર ગોહિલ, શ્રી શિલ્પા ત્રિવેદી, શ્રી નરેન્દ્ર પ્રજાપતિ, તથા શ્રી ધ્રુવલ પુરોહિતે ભાગ લીધેલો. સૌના આશ્ચર્ય વચ્ચે શ્રી રમેશભાઈ ઠક્કરે પોતાની ઓફીસ કારમાં પ્રવાસ કરવાને બદલે પાટા પલટના સૌ સભ્યોની સાથે ગાંધીનગરથી વડનગર સુધી ટ્રેનના જનરલ ડબ્બામાં પ્રવાસ કરવાની જાહેરાત કરેલી. વધુમાં ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ શ્રી સંજય થોરાત પોતે આ કાર્યક્રમમાં જોડાઈ શકયા ના હોવાથી પાટાપલટનની ટીમને શુભેચ્છા આપવા અને ઉત્સાહ વધારવા માટે ખાસ રેલવે સ્ટેશને આવ્યા હતાં.

નક્કી થયા મુજબ ગાંધીનગરથી વડનગરના પ્રવાસ દરમિયાન 'આવાજોની બંદીશો' નિબંધનું રેકોર્ડીંગ સાંભળ્યા બાદ તે નિબંધ, તેના ભાષાકર્મ અંગે ચર્ચાઓ થઈ હતી. ત્યાર બાદ કાર્યક્રમના યજમાન શ્રી રમેશભાઈ ઠક્કરે પણ ગુજરાતી સાહિત્યમાં નર્મદથી લઈને વર્તમાન નિબંધકારો અંગે પોતાના ઊંડાણપૂર્વકના વિચારો પણ રજૂ કર્યા હતાં. બપોરે એક વાગે વડનગર પહોંચીને રેલવેસ્ટેશન પર આવેલી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પિતાશ્રીના ચાના સ્ટોલને જોઈને પલટનના સભ્યોએ ટુરીઝમની હોટલ તોરણ પર ભોજન કર્યુ હતું. ત્યાર બાદ પુરાતત્વ વિભાગના આર્કીઓલૉજીસ્ટ શ્રી સુશીલભાઈની સાથે શ્રી નરેન્દ્ર મોદી જ્યાં ભણેલા તે શાળાઓ, ત્યાર બાદ શર્મિષ્ઠા તળાવ, આર્ટ ગેલેરી, આર્કીઑલૉજી વિભાગ દ્વારા ચાલતા ઉત્ખનનોની સાઈટ તથા અંતે જમીનમાંથી મળી આવેલી બુદ્ધિસ્ટ મોનેસ્ટરીની સાઈટની મુલાકાત લઈને વડનગરના પ્રાચીનથી લઈને આધુનિક યુગ સુધીની સફરના સાક્ષી બન્યા હતાં.

જાન્યુઆરી ૨૦૨૩ થી દર મહિનાના ત્રીજા શનીવારે સાંજે ૬.૩૦ વાગે રેલવે સ્ટેશનના પરિસરમાં નિયમિત રીતે યોજાનારા સાહિત્યિક કાર્યક્રમ "પાટા પલટન"માં ગાંધીનગરના સાહિત્યપ્રેમીઓને જોડાવા હાર્દિક આમંત્રાણ છે. આ કાર્યક્રમમાં શક્યતઃ ગુજરાતી સાહિત્યના નામાંકિત સાહિત્યકારો પણ હાજર રહેશે.

# નવસારીમાં ચીકુ, કેરી, શેરડી સહિતના કઠોળ પાકોના વાવેતર કરતા ખેડૂતોમાં ચિંતા

## સૌરાષ્ટ્રમાં માવઠાની આગાહી : આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે, શિયાળો અને ઉનાળામાં માવઠાને પગલે ખેડૂતોનો ખેલ બગાડે છે

નવસારી,તા.૧૧

રાજ્યમાં હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં માવઠાની આગાહી થઈ છે. જેથી નવસારી જિલ્લામાં શેરડી, કેરી, ચીકુ, કઠોળના વાવેતરને લઈ ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી છે. આગાહીને પગલે જો વરસાદ થશે તો ખેડતોને આર્થિક નુકસાની વેઠવી પડી શકે છે. શેરડીના પાકને નુકસાનની ભીતિ ખેડૂતો સેવી રહ્યા છે. આ ઉપરાંત આંબા ઉપર મંજરી ફૂટવાની તૈયારી છે, જેમાં વરસાદ વિઘ્ન ઊભું કરશે અને ગુણવત્તા વિહીન પાકની આવક પર અસર થશે.

ગ્લોબલ વોર્મિંગના કારણે છેલ્લા ૧૦ વર્ષમાં વાતાવરણમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. ચોમાસુ જાણે બારેમાસ રહેતું હોય એવી સ્થિતિ બે વર્ષોથી જોવા મળી રહી છે. આ વર્ષે પણ ભર શિયાળામાં માવઠુ થશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. શિયાળો અને ઉનાળામાં માવઠાને પગલે ખેડૂતોનો ખેલ બગાડે છે.

દક્ષિણ ગુજરાત સહિત નવસારી જિલ્લામાં આંબાના પાક મોટી સંખ્યામાં કરવામાં આવે છે અહીંની કેરી સમગ્ર દેશમાં વખણાય છે ત્યારે આંબા ઉપર મંજરી આવવાની શરૂઆત થઈ છે. આવા સમયે બદલાયેલું વાતાવરણ આંબાના પાકમાં ફૂગજન્ય રોગ આવવાની ભીતિ જોવા મળી રહી છે જેથી નુકસાની લાવી શકે છે ગત વર્ષે પણ શિયાળામાં માવઠું થતા ખેડૂતોને રાતા પાણી રોવાનું વારો આવ્યો હતો.

આ વર્ષે પણ હવામાન વિભાગની આગાહી સાચી ઠરે તો કઠોળ શાકભાજી કેરી ચીકુ અને શેરડી સહિતના પાકોને વ્યાપક નુકસાન થઈ શકે તેમ છે. નવસારી જિલ્લો બાગાયતી પાકોનું નંદનવન કહેવામાં આવે છે તેવામાં મહા મુશ્કેલીયે વાવેલા પાક પર માવઠું આર્થિક નુકસાની સાથે નિરાશા લાવી શકે છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

# પ્રમુખ સ્વામી મહારાજની જન્મ શતાબ્દીની સંયુક્ત રાષ્ટ્રમાં ઉજવણી

## અનેક દેશોના રાજદૂતોએ જ્ઞાનવાણીનો લ્હાવો લીધો : સ્વામીજીના જીવન સંદેશ બેઠેલા લોકો સુધી પહોંચાડાયો

અમદાવાદ/ન્યૂયોર્ક, તા.૧૧

સંયુક્ત રાષ્ટ્રનું હેડક્વાર્ટર ન્યૂયોર્ક, અમેરિકામાં બીએપીએસ સ્વામીનારાયણ સંસ્થાના પ્રમુખ સ્વામીજી મહારાજની જન્મશતાબ્દી સમારંભ અને દેશમાં ચાલી રહેલા આઝાદીના અમૃત મહોત્સવનું સંયુક્ત રીતે આયોજન કર્યું હતું.

આ અવસર પર સ્વામીજીના જીવન સંદેશ ત્યાં બેઠેલા લોકો સુધી પહોંચાડ્યો હતો. દ વર્લ્ડ ઈઝ વન ફેમિલીના સંદેશને લઈને આયોજીત આ સમારંભમાં સંયુક્ત રાષ્ટ્રમાં ભારતની સ્થાયી પ્રતિનિધિ રુચિરા કાંબોજ, વિવિધ દેશોના રાજદૂત, પ્રતિનિધિ અને બીએપીએસના સ્વયં સેવકો હાજર રહ્યા હતા.

અટલાંટામાં નોર્થસાઈડ હોસ્પિટલ કાર્ડિયોવાસ્કુલર ઈંસ્ટીટ્યૂટમાં બીએપીએસ સ્વયંસેવક અને હૃદય રોગ નિષ્ણાંત ડો. કશ્યપ પટેલે સ્વાગત ભાષણ સાથે કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. જેમાં તેમણે પ્રમુખ સ્વામી મહારાજ, સામાજિક અને આધ્યાત્મ ઉત્થાન માટે માનવીય પ્રયાસો અને તેમના જીવન કાર્યનો પરિચય આપ્યો હતો.

આ અવસર પર ૨૯ ઓગસ્ટ, ૨૦૦૦ના સંયુક્ત રાષ્ટ્ર શાંતિ સહસ્ત્રાબ્દી શિખર સંમેલનમાં પ્રમુખ સ્વામી મહારાજના ભાષણનો એક વીડિયો બતાવ્યો હતો. જેમાં તેમણે દુનિયાભરના આધ્યાત્મક પ્રમુખોને અપીલ કરી હતી કે, સમૃદ્ધ વિવિધતાને બનાવી રાખવા માટે એકબીજા સાથે સાર્થક સંવાદ કરે. સંયુક્ત રાષ્ટ્રના અવર મહાસચિવ મિગુએલ એંજેલ મોરાટિનોસે પોતાના સંબોધનમાં પ્રમુખ સ્વામીજી મહારાજને વિશ્વની કાલાતીત ભાવનાનો મેસેજ આપનારા ગણાવતા કહ્યું કે, હવે એક સાથે આવવાનો સમય થઈ ગયો છે.




ભાજપનો ૧૫૬ સીટથી વિજય થતા તેની ખુશીમાં જમાલપુર દરવાજા પાસે મુસ્લિમ સમાજ દ્વારા કેક કાપીને ઉજવણી કરવામાં આવી હતી.

# દેવાયત ખવડનીની તસવીર સળગાવી જાહેરમાં વિરોધ

## લોક સાહિત્યકારની હરકતોથી લોકો નારાજ : પોસ્ટર સળગાવી ધ્રાંગધ્રા તાલુકામાં કોઈપણ જગ્યાએ દેવાયત ખવડનો પ્રોગ્રામ નહિ કરવા દેવાની પણ ચીમકી


અમદાવાદ, તા.૧૧

ગુજરાતમાં અવારનવાર જાહેરમાં મારામારીના કિસ્સાઓ સામે આવતા હોય છે. જેમાં મોટા માથાઓની સંડોવણીના કિસ્સાઓ પણ સતત વધી રહ્યાં છે. જાહેર જીવનમાં સ્થાન ધરાવતી વ્યક્તિઓ, પૈસા કે ઉંચી વગ ના કારણે ગમે ત્યારે કાયદો પોતાના હાથમાં લઈ લે છે અને જેને કારણે સામાન્ય માણસોના જીવનને અસર પહોંચે છે. આવી જ એક ઘટનાને કારણે હાલ સૌરાષ્ટ્રના જાણીતા લોક સાહિત્યકાર દેવાયત ખાવડ ચર્ચામાં છે. દેવાયત ખાવડનો હાલમાં જ એક વીડિયો સામે આવ્યો હતો જેમાં તેઓ જાહેરમાં બેફામ રીતે એક યુવકને માર મારતા હતાં. આ વીડિયોમાં તેમની સાથે એમના માણસો પણ હતા તેઓ પણ યુવકને માર મારી રહ્યાં હતાં. આ ઘટના બાદ સોશિયલ મીડિયામાં દેવાયત ખાવડનો તિરસ્કાર થઈ રહ્યો છે.

આજે સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રા તાલુકાના એંજાર અને કોંઢ ગામે લોક કલાકાર અને સાહિત્યકાર દેવાયત ખવડની તસવીરને સળગાવી વિરોધ કરવામાં આવ્યો હતો. પોસ્ટર સળગાવી ધ્રાંગધ્રા તાલુકામાં કોઈપણ જગ્યાએ દેવાયત ખવડનો પ્રોગ્રામ નહિ કરવા દેવાની પણ ચીમકી ઉચ્ચારી હતી. હુમલો કરનાર લોક કલાકારને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી. પ્રાપ્ત માહિતી મુજબ મયુરસિંહ રાણા અને દેવાયત ખવડ વચ્ચે ઘણા સમયથી માથાકૂટ ચાલતી હતી. રવિ રત્ન પાર્કમાં પાર્કિંગ બાબતે માથાકૂટ ચાલતી હોવાની વાત સામે આવી છે. હુમલાની સમગ્ર ઘટનાના સીસીટીવીમાં કેદ થઈ છે. દેવાયત ખવડ અને અન્ય એક વ્યક્તિ લાકડી વડે માર મારતા હોય તેવા સીસીટીવી સામે આવ્યા છે. હાલમાં સીસીટીવીના આધારે એ ડીવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, રાજકોટમાં ધોળા દિવસે ક્ષત્રિય સમાજના મૂળ કોંઢ ગામના યુવક પર લાકડી વડે દેવાયત ખવડ સહિત અન્ય એક યુવાને જીવલેણ હુમલો કર્યો હતો. યુવક પર હુમલાના વિરોધમાં ક્ષત્રિય સમાજના યુવકો દ્વારા દેવાયત ખવડની તસવીરને સળગાવવામાં આવી હતી. ઉપરાંત ધ્રાંગધ્રા તાલુકામાં કોઈપણ જગ્યાએ દેવાયત ખવડનો પ્રોગ્રામ નહિ કરવા દેવાની પણ ચીમકી ઉચ્ચારી હતી. હુમલો કરનાર લોક કલાકારને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી. ઉલ્લેખનીય છે કે દેવાયત ખવડે હુમલો કરેલો વ્યક્તિ મયુરસિંહ રાણા મૂળ ધ્રાંગધ્રાના કોઢ ગામનો છે.

# પૂર્વ ગૃહરાજ્યમંત્રી પ્રદિપસિંહના પિતાશ્રી ભગવતસિંહનું નિધન



સ્વ. શ્રી ભગવતસિંહજી સજુભા જાડેજા

ગાંધીનગર, તા. ૧૧

ભાજપના વરિષ્ઠ અગ્રણી અને પૂર્વ રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાના પિતાશ્રી ભગવતસિંહ સજુભા જાડેજાનું આજે મોડી સાંજે ગાંધીનગર ખાતે દુઃખદ નિધન થયેલ છે. સદગતની અંતિમયાત્રા આવતીકાલે અર્થાત તા.૧૨/૧૨/૨૦૨૨, માગસર વદ-૪ સોમવારના રોજ સવારે ૭.૩૦ કલાકે નિવાસસ્થાનેથી (ખ-૧૭, સેક્ટર-૧૯) થી નીકળી મુક્તિધામ સે-૩૦ ગાંધીનગર જશે.

LED TV
રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬